કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- ૭૦૪૦

તા. ૫/૨/૨૦૧૮

પ્રતિ
આચાર્ય શ્રી,
શાળા તમામ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ.
સુરત.

વિષય : શાળાઓમાં પાણીની ટાંકી સફાઈ બાબત.
સંદર્ભ : (૧) તા. ૦૩/૦૧/૧૮ ની નોંધ પર મે. અધ્યક્ષશ્રી ની મળેલ મંજુરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તમામ શાળાઓમાં વિનાયક કોર્પોરેશન સુરત દ્વારા દર ત્રણ માસે એક વખત પાણીની ટાંકીની સફાઇ કરવામાં આવે છે. પરંતુ કોર્પોરેશન માંથી આરોગ્ય ખાતા દ્વારા પાણીના સેમ્પલ લેવામાં આવે ત્યારે દૂષિત પાણીના રીપોર્ટ જોવા મળતા હતા. તેમજ શાળા દ્વારા પણ અત્રેની કચેરીને મળેલ રજુઆતને ધ્યાને લઇ બાળકોના આરોગ્યને ધ્યાને રાખી સંદર્ભ - ૧ થી મળેલ મંજુરી અન્વયે વિનાયક કોર્પોરેશન સુરત દ્વારા દર ત્રણ માસે એક વખત પાણીની ટાંકીની સફાઇ કરવામાં આવતી હતી તેના બદલે હવેથી દર મહિને મહીનામાં ૦૧ (એક) વખત શાળાઓમાં પાણીની ટાંકી ની સફાઇ કરવામાં આવનાર છે. આથી આચાર્યશ્રી એ ખાસ તકેદારી રાખી દર મહિને મહીનામાં ૦૧ (એક) વખત શાળાઓમાં પાણીની ટાંકીની સફાઇ વિનાયક કોર્પોરેશન સુરત પાસે કરાવી લેવાની રહેશે.

સંપર્ક : મો. નં. ૯૮૨૫૩૧૫૭૭૫ વિનાયક કોર્પોરેશન સુરત

ઈ.ચા.શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

- નકલ રવાના સવિનય જાણ સારૂ.
પ્રતિ, કાર્યપાલક ઇજનેર શ્રી, ઝોન તમામ સુરત મહાનગરપાલિકા

- નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

પ્રતિ, નિરિક્ષકશ્રી, તમામ. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત.